ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
હુકમ ક્રમાંક:SJED/MSM/e-file/17/2023/0066/E
સચિવાલય,ગાંધીનગર.
તા.

વિષય :- ગુજરાત સરકારના કામકાજના નિયમો, ૧૯૯૦ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલ સૂચનાઓની સૂચના ૪(૧) (ક) અન્વયે જુદી જુદી કક્ષાના અધિકારીઓની સત્તા નક્કી કરવા અંગે.

**હુકમ:-**

ગુજરાત સરકારના કામકાજનાં નિયમો-૧૯૯૦ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલી સૂચનાઓની સૂચના નં.૪(૧)(ક) અનુસાર સદરહુ નિયમોની પહેલી અનુસૂચિના ભાગ-૨માં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને ફાળવેલ વિષયોના કેસોનો તા.૨૨/૦૨/૨૦૨૩ના હુકમ ક્ર:SJED/MSM/e-file/17/2023/0066/E સાથે જોડેલ પરિશિષ્ટ-૧,૨,૩ અને જમાં દર્શાવેલ કક્ષાએ નિકાલ કરવાના આદેશો કરવામાં આવેલ છે. તેમજ તા:૨૯/૧૧/૨૦૨૩ના સમાનાંકી હુકમથી તેમાં સુધારા કરવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૨/૦૨/૨૦૨૩ના હુકમ ક્રમાંક: SJED/MSM/e-file/17/2023/0066/Eથી કરવામાં આવેલ સત્તા સોંપણીના હુકમોમાં માન. મંત્રીશ્રી(સા.ન્યા) કક્ષાએ નિકાલ કરવાની બાબતો અંગેના પરિશિષ્ટ-૧ માં નીચે મુજબની સત્તાઓ ઉમેરવામાં આવે છે.

| ક્રમ | ઉમેરવામાં આવેલ સત્તાઓ |
|---|---|
| ૧૬ | વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીશ્રીઓની વિભાગમાં પ્રથમ વખત નિમણૂંક, વિષય ફાળવણી તથા ફેરફારની બાબતો |
| ૧૭ | ખાતાના વડા હસ્તકના વર્ગ-૩ના કર્મચારીઓના કિસ્સામાં નિમણૂંક/બઢતી/બદલી/ પ્રતિનિયુક્તિના તમામ પ્રસંગોએ માન. મંત્રીશ્રીનો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે. |
| ૧૮ | નિયામકશ્રીઓની કચેરીએ લોકાપર્ણ, ખાતમુહર્ત, લોન/સહાય મેળાઓ, મીડીયા પ્લાન (સોશીયલ મીડીયા તથા અન્ય માધ્યમોથી પ્રચાર-પ્રસાર સહિત)વગેરે માન. મંત્રીશ્રીના પૂર્વ પરામર્શમાં આયોજિત/તૈયાર કરવા |
| ૧૯ | ખાતાના વડા હસ્તકના વર્ગ-૧ના અધિકારીઓની વિષય ફાળવણી તથા તેમાં ફેરફારની દરખાસ્ત (૩૦ દિવસથી વધુ રજાઓ સહિત) મંજૂર કરવાની બાબત. |

વધુમાં, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૨/૦૨/૨૦૨૩ના હુકમ ક્રમાંક: SJED/MSM/e-file/17/2023/0066/Eથી કરવામાં આવેલ સત્તા સોંપણીના હુકમોમાં માન. મંત્રીશ્રી(સા.ન્યા) કક્ષાએ નિકાલ કરવાની બાબતો અંગેના પરિશિષ્ટ-૧ તથા અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાની બાબત અંગેના પરિશિષ્ટ-૨ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| પરિશિષ્ટ-૧ માન. મંત્રીશ્રી કક્ષાએ નિકાલ કરવાની બાબતો | | |
|---|---|---|
| ક્રમ | તા.૨૨/૦૨/૨૦૨૩ના હુકમમાં દર્શાવેલ બાબત | સુધારેલ બાબત |
| ૦૨. | ખાતાના વડા હસ્તકના વર્ગ-૧ના અધિકારીઓની નિમણૂંક/બઢતી/ બદલી/પ્રતિનિયુક્તિ પરની નિમણૂંકની બાબત | ખાતાના વડા હસ્તકના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની નિમણૂંક/બઢતી/બદલી/ પ્રતિનિયુક્તિ પરની નિમણૂંકની બાબત. |
| પરિશિષ્ટ-૨ અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાની બાબતો | | |
| ક્રમ | તા.૨૨/૦૨/૨૦૨૩ના હુકમમાં દર્શાવેલ બાબત | સુધારેલ બાબત |
| ૦૧ | વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીશ્રીઓની વિભાગમાં પ્રથમ વખત નિમણૂંક, વિષય ફાળવણી તથા તેમાં ફેરફાર સહિતની તમામ મહેકમ અને સેવા વિષયક બાબતો | વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીશ્રીઓની વિભાગમાં પ્રથમ વખત નિમણૂંક, વિષય ફાળવણી તથા તેમાં ફેરફાર સિવાયની તમામ મહેકમ અને સેવા વિષયક બાબતો |
| ૦૨ | ખાતાના વડા હસ્તકના વર્ગ-૧ના અધિકારીઓની નિમણૂંક/બઢતી/બદલી/પ્રતિનિયુક્તિ/રાજીનામા/સ્વૈચ્છિક નિવૃત્તિ સિવાયની તમામ સેવા વિષયક બાબતો અને વર્ગ-૨ના અધિકારીઓની તમામ મહેકમ અને સેવા વિષયક બાબતો. | ખાતાના વડા હસ્તકના વર્ગ-૧ના અધિકારીઓની નિમણૂંક/બઢતી/બદલી/પ્રતિનિયુક્તિ/રાજીનામા/સ્વૈચ્છિક નિવૃત્તિ સિવાયની તમામ સેવા વિષયક બાબતો અને ખાતાના વડા હસ્તકના વર્ગ-૨ના અધિકારીઓની નિમણૂંક/બઢતી/બદલી/પ્રતિનિયુક્તિ સિવાયની તમામ સેવા વિષયક બાબતો |

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૨/૦૨/૨૦૨૩ના અને તા:૨૯/૧૧/૨૦૨૩ના સત્તા સોંપણી અંગેના સમાનાંકી હુકમોની અન્ય સત્તાઓ યથાવત રહેશે.

(જી.પી.પટેલ)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના :</u>

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અ.મુ.સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.(પત્ર દ્વારા)

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.(પત્ર દ્વારા)
- સર્વે સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,(અ.જા.ક.,વિ.જા.ક., સ.સુ.),ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારુ.
- રોકડ ઇનચાર્જશ્રી /રજીસ્ટ્રી ઇનચાર્જશ્રી/સ્ટોર ઇનચાર્જશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ-૨૦૨૫.

*Signature Not Verified*

*Signed by: Girishchandra Prahladbhai Patel
Joint Secretary
Date:2025.07.04
15:39:56 +5:30*


Open the document in Adobe Acrobat DC to verify the E-sign